**કાલોલ તાલુકાની વોકેશનલ શાળાઓના "કેરિયર ગાઈડન્સ વર્કશોપ અંતર્ગત" કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ડેરોલ ખાતે વિદ્યાર્થીઓની મુલાકાત**

---

તા. ૦૯/૦૨/૨૦૨૬ના રોજ બી.આર.સી. ભવન કાલોલ દ્વારા આયોજિત "કારકીર્દી પરામર્શ અને માર્ગદર્શન પ્રોગ્રામ અંતર્ગત", કાલોલ તાલુકાની વોકેશનલ શાળાઓના ધોરણ ૯ અને ૧૦ ના આશરે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડેરોલ (પંચમહાલ) ની મુલાકાત લીધેલ.

આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે ડૉ. જનક આર.પટેલ યુનિટ વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી તથા કૃષિ સંશોધન કેન્દ્ર, ડેરોલનો અન્ય સ્ટાફ તેમજ જિલ્લા શિક્ષણ કચેરીમાંથી રીન્કું બેન પટેલ, શ્રમ અને રોજગાર વિભાગમાંથી સેવકભાઈ, આઈ.ટી.આઈ કાલોલમાંથી શ્રી એચ.એમ.પટેલ, તેમજ કાલોલ તાલુકાની વોકેશનલ શાળાઓના વોકેશનલ ટ્રેનરઓ અને બી.આર.સી.ભવન કાલોલના અધિકારીઓ હાજર રહ્યા હતા.

કેન્દ્રની મુલાકાતે આવેલ વિદ્યાર્થીઓને શરૂઆતમાં કેન્દ્રના યુનિટ વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. જનક આર.પટેલ એ ગુજરાત રાજયની કૃષિ યુનીવર્સીટીઓમાં ધોરણ ૧૦ અને ૧૨ પછી ખેતીવાડીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમ વિશે તેમજ કારકીર્દીના અવસરો વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું. તેમજ જીલ્લામાંથી આવેલ જુદા જુદા વિભાગો જેવા કે શિક્ષણ, રોજગાર, આઈ.ટી.આઈ અને ઉધોગના અધિકારીશ્રીઓએ, વિદ્યાર્થીઓને શિક્ષણ, રોજગાર વિશે રહેલ તકો વિશે ખુબ જ ઊંડાણમાં માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

અત્રેના કૃષિ સંશોધન કેન્દ્રમાંથી ડૉ.આર.વી.હજારી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ કેન્દ્રનો પરીચય તેમજ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન યોજનાની માહિતી આપી. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ થકી રાષ્ટ્રને પ્રદુષણ મુકત રાખી તે અંગે રોજગારીની તકો વિશે માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ ડૉ. જે.આર.બલાત, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે ખેતીમાં પાક સંવર્ધન થકી બીજ ઉત્પાદન અને આવકમાં વધારો કરવા અંગેનું માર્ગદર્શન આપ્યું. શ્રી આર. એલ. ચવધરી, ખેતી અધિકારીએ કૃષિમાં યાંત્રિકીકરણ તેમજ હવામાનશાસ્ત્રની વેધશાળાની કૃષિમાં અગત્યતા અને તે અંતર્ગત ઉજ્જવળ કારકીર્દીની તકોનું સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.


GPS Map Camera
Panchmahal, Gujarat, India
Jf96+jhj, Gujarat 389330, India, Panchmahal,
Gujarat 389330, India
Lat 22.618991° Long 73.461389°
Monday, 09/02/2026 12:36 PM GMT +05:30
Google


GPS Map Camera
Panchmahal, Gujarat, India
Jf96+jhj, Gujarat 389330, India, Panchmahal,
Gujarat 389330, India
Lat 22.619037° Long 73.461994°
Monday, 09/02/2026 12:37 PM GMT +05:30
Google


GPS Map Camera
Panchmahal, Gujarat, India
Jf96+jhj, Gujarat 389330, India, Panchmahal,
Gujarat 389330, India
Lat 22.619257° Long 73.462059°
Monday, 09/02/2026 01:47 PM GMT +05:30
Google


GPS Map Camera
Panchmahal, Gujarat, India
Jf96+jhj, Gujarat 389330, India, Panchmahal,
Gujarat 389330, India
Lat 22.619221° Long 73.461898°
Monday, 09/02/2026 11:56 AM GMT +05:30
Google


GPS Map Camera
Panchmahal, Gujarat, India
Jf96+jhj, Gujarat 389330, India, Panchmahal,
Gujarat 389330, India
Lat 22.61933° Long 73.462025°
Monday, 09/02/2026 02:07 PM GMT +05:30
Google

